# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date :01-04-2026** **Midday : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

---------------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# JITU VAGHANI GOVT DECISION

સરકારે રાજ્યમાં માર્ગોના સમારકામ માટે ત્રણ હજાર 440 કરોડ રૂપિયાના ખર્ચે બે હજાર 342 કામને મંજૂરી આપી છે. ગાંધીનગરમાં પત્રકાર પરિષદમાં આ અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, 33 જિલ્લા સાથે 67 ટકા વિસ્તારના માર્ગનું સમારકામ કરાશે. માર્ગના કામની ગુણવત્તા માટે પણ સરકારે નિર્ણય કર્યા છે. માર્ગ જોડાણની ગુણવત્તા સાથે વૈજ્ઞાનિક પદ્ધતિથી તેની જાળવણી કરાશે.

શ્રી વાઘાણીએ વધુમાં કહ્યું, રાજ્યમાં ગ્રામીણ વિસ્તાર માટે 10 ગુંઠાની મર્યાદા નક્કી કરાતા આ વિસ્તારમાં ટુકડા ધારામાં દંડ વિના જમીન નિયમિત કરી શકાશે.

(BYTE: JITU VAGHANI, PRAVAKTA MANTRI)

# DYCM KHETI BANK GNR

ગાંધીનગરમાં ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્ક લિમિટેડ ખેતી બેન્ક અમદાવાદના ખેડૂત લાભાર્થીઓના વારસદારોને અકસ્માત વીમા સહાયના ચેક અર્પણ કરાયા. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં તેમણે દિવ્યાંગ કર્મચારીઓને કાયમી નિમણૂકપત્ર પણ એનાયત કર્યા હતા.

ખેડૂત પરિવારો માટે મુશ્કેલીના સમયમાં મોટો આર્થિક આધાર પૂરો પાડવા ખેતી બેન્ક દ્વારા દરેક લોન લેનારા ખેડૂત પરિવારને 11 લાખ રૂપિયાનો અકસ્માત વીમો અપાય છે. તેનું પ્રીમિયમ પણ બેન્ક દ્વારા ચૂકવાય છે.

# CM PATEL AMRELI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, રાજ્યમાં આવતા ઉદ્યોગોમાં રોજગારી સહિતનો લાભ લેવા ભણતરમાં આગળ આવવું પડશે. અમરેલીમાં દેવકા વિદ્યાપીઠના નવનિર્મિત છાત્રાલય અને ભોજનાલયના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા શ્રી પટેલે કહ્યું, રાજ્યમાં આજે શાળાનો ડ્રૉપ આઉટ રેશિયો એટલે કે, શાળા છોડવાનું પ્રમાણ 34 ટકાથી ઘટીને આજે બે ટકાથી પણ ઓછુ થયુ છે.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

ઉલ્લેખનીય છે કે, આ નવા છાત્રાલયમાં એક હજાર 100 પથારીની, જ્યારે ભોજનાલયમાં 580 વિદ્યાર્થિનીઓની ક્ષમતા હશે.

આ ઉપરાંત શ્રી પટેલે જેસિંગપરાના શિવાજી ચોક ખાતે અમરેલી નગરપાલિકા દ્વારા નિર્મિત છત્રપતિ શિવાજી મહારાજની પંચધાતુની પ્રતિમાનું પણ લોકાર્પણ કર્યું.

# PORBANDAR MANSUKH MANDAVIYA

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ પોરબંદરમાં રક્તદાન કરી મહારક્તદાન શિબિરનો પ્રારંભ કરાવ્યો. હનુમાન જન્મોત્સવ નિમિત્તે યોજાયેલી શિબિરમાં પોલીસ પરિવાર, સંરક્ષણ, તટરક્ષક, સામાજિક સંસ્થા સહિતના લોકો જોડાયા છે. આવતીકાલ સુધીમાં આ શિબિરમાં 10 હજાર શીશી રક્ત એકત્ર કરવાનો નિર્ધાર કરાયો છે આ રક્ત પોરબંદર, જામનગર, જુનાગઢ અને અમદાવાદની સરકારી હોસ્પિટલ અને  રક્તબેન્કને મોકલાશે.

# CM HANUMAN JANMOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શ્રી હનુમાન જન્મોત્સવ નિમિત્તે અમદાવાદમાં ભવ્ય રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યું. શ્રી હનુમાનજી મંદિર કૅમ્પ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ યાત્રાના સફળ આયોજન બદલ તેમણે સૌને હાર્દિક શુભકામનાઓ પણ પાઠવી છે. આ પ્રસંગે તેમણે ભક્તોની સાથે સામૂહિક આરતીમાં સહભાગી થઈને હનુમાન દાદાના ચરણોમાં રાજ્ય અને દેશની સુખાકારીની પ્રાર્થના કરી હતી.

# BANASKANTHA BHAVAN BHUMIPUJAN

બનાસકાંઠાના પાલનપુરમાં વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવિણ માળીના હસ્તે આધુનિક કલેક્ટર કચેરી ભવનનું ભૂમિપૂજન કરાયું. અંદાજે 60 કરોડ રૂપિયાના ખર્ચે જિલ્લાની પ્રથમ સરકારી પર્યાવરણ મિત્રે ગ્રીન બિલ્ડીંગ તૈયાર કરાશે. આ પ્રસંગે મંત્રીશ્રીએ નાગરિકોની સુવિધા અને પારદર્શક વહીવટ એ સરકારની પ્રાથમિકતા હોવાનું જણાવ્યું.

# IITE -DIKSHANT SAMAAHROH

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં ગાંધીનગર ભારતીય શિક્ષક પ્રશિક્ષક સંસ્થા IITE નો 8મો પદવીદાન સમારોહ યોજાયો.

સેક્ટર 17ના નગરગૃહ ખાતે યોજાયેલ આ સમારોહમાં કુલ 223 લોકોને પદ એનાયત કરવામાં આવી. કાર્યક્રમમા શિક્ષણ મંત્રી ડો પ્રધુમન વાજા, IITEના કુલપતિ ડો મુકેશ પટેલ સહિતના અનેક શિક્ષણવિદો તેમજ વિધાર્થીઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.